# ગાંધી વિચાર સંદર્ભે : અહિંસાનો વિકાસ



**Dr. Ganesh S. Prajapati**
**Dept. of Political Science**
**C.B.Patel Arts College,Nadiad**

**1. પ્રસ્તાવના**

અહિંસા એટલે હિંસા ન કરવી તે એટલે કોઈપણ પ્રાણીને જાનથી મારવું નહીં. તેના અંગોપગ છેદવા નહીં કે તેને પીડા ઉપજાવવી નહી. અહિંસા કેવળ શારીરિક જ નથી પણ વાચિક પણ છે. વાચિક અહિંસા એટલે પ્રિય, તથ્ય વાણી ઉચ્ચારવી તે પ્રિય એટલે મધુર, પથ્ય એટલે હિતકર અને તથ્ય એટલે હોય તે કહેવુ અસત્ય નહી. અહિંસાનો એક અર્થ નિર્ભયતા પણ છે. જયાં હિંસા છે ત્યાં નિર્ભયતા હોઈ શકે નહી અને જયાં અહિંસા છે ત્યાં ભય સંભવી શકે નહી. ભગવાન પતંજલીએ અમના યોગસુત્રમાં લખ્યુ છે. **જયાં અહિંસા પૂર્ણપણે થાય છે ત્યાં વેરભાવ ટકી શકતો નથી. વિનોબાએ પ્રેમના બે** અર્થ કર્યાં છે. (1) અનુરોધી પ્રેમ (2) પ્રતિરોધી પ્રેમમા બાળકને ચાહે મિત્ર–મિત્રને ચાહે, પતિ–પત્ની એકબીજાને ચાહે તે અનુરોધી પ્રેમ. જયારે સાચો પ્રેમ એ પ્રતિરોધી પ્રેમ છે. પ્રતિરોધી પ્રેમ એટલે જે આપણો તિરસ્કાર કરે કે આપણું બુરૂ કરે તેને પણ ચાહવું.

અહિંસાના વિકાસ માટે ગાંધીજયંતી અહિંસા દિન રૂપે ઉજવણી થાય તેનાથી આપણે ગૌરવને હરખ અનુભવીએ હિંસાને દૂર કરવા માટે આપણા આખા માનસને બદલવું પડે આપણી આખી વ્યવસ્થાને બદલવી પડે. ગાંધીજીની અહિંસા, ઉપનિષદો અદ્વૈતભાવ, બુદ્ધ–મહાવીરની જીવમાત્ર પ્રત્યેના દયા કે કરૂણાભાવ, ઈશુના પ્રેમ અને કૃષ્ણના કર્મયોગના સમન્વય રૂપ હતી.

**2. અહિંસાના વિકાસનો ઈતિહાસ**

સામાન્ય રીતે મનુષ્ય માંસાહારી છે અને પોતાના ખોરાક માટે હજારો જીવોનો રોજ સંહાર કરે છે. ભુતકાળમાં બધી પ્રજાઓ પોતાના દેવોને નૈવેધ ધરતી એ ધાર્મિક અને પવિત્ર કૃત્ય મનાતું અર્થાત જેઓ વધારે ધાર્મિક, ધનિક કે સમાજમાં ઉચ્ચસ્થાન ધરાવનારા હોય તેઓ ધર્મ વિધિ તરીકે ઉત્સવ નિમિત્તે

સામાન્ય માણસો કરતાં વધારે પ્રાણીઓના બલિદાન આપી પોતાની અત્યંત ધાર્મિકતાને માટે કીર્તિ પામેલા રાજાઓની કથાઓ વાંચીએ છીએ.
પ્રાચીનકાળમાં મુખ્યત્વે બે કારણોસર હિંસા થતી આવી છે. (1) ભક્ષણ માટે (2) રક્ષણ માટે હિંસાનું એક ત્રીજું કારણ હતુ યજ્ઞો, યજ્ઞોના મૂળ અર્થ છે ઈશ્વરને આહુતિ આપવી, જે ઈશ્વર આપણનું પ્રકાશ, વરસાદ, ફળ અને ફૂલ આપે છે.તે કંઈક આપવું તે વિચારમાંથી યજ્ઞની કલ્પના જન્મી હશે. સમય જતાં તેમાં ફેરફાર થયો અને માંસાહાર અને યજ્ઞોની આહુતિમાં સુધારો આવ્યો. કૃષ્ણને ગાયોની ઉપયોગીતા સમજાઈ અને તેમણે ગૌસેવા પ્રચલિત બનાવી., મહાવીર ના સમયમાં જૈનો સંપૂર્ણ નિરામાસાહારી હશે કે કેમ એ શંકાસ્પદ છે. શાકાહારી જૈનધર્મનો અનિવાર્ય અંગ બન્યુ અને વ્યવહારમાં અહિંસાનો અર્થ ઝીણામાં ઝીણા જીવોને મારવું નહીં , માંસાહાર કરવો નહી.વૈષ્ણવધર્મ, બૌદ્ધ અને જૈનધર્મની વચ્ચેનો માર્ગ લીધો જણાય છે. યજ્ઞ કે આહાર માટે પ્રાણી હિંસા ન કરાય એ મત એણે બહુ મોટેભાગે ગ્રહણ કર્યો. હવે અહિંસાની ભાવના ઉત્પન્ન થતાં પહેલા મનુષ્યમાં મૈત્રી અને કરૂણાની ભાવનાઓનો કંઈક અંશે વિકાસ થયો હશે. મૈત્રી અને કરૂણાને કારણે અહિંસામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને નહીં કે અહિંસાની વૃત્તિ ઉદ્ધભવ્યાથી મૈત્રી અને કરૂણા વધે છે. તે મુંગા પ્રાણીઓ પ્રત્યે મૈત્રી અને કરૂણા પ્રેરિત વ્યક્તિગત કે સંગઠિત સેવાઓ રૂપે પ્રગટ થઈ.

### ૩. રક્ષણાર્થે હિંસામાંથી અહીંસા તરફ વિકાસ

જેમ આહાર સંબંધી હિંસા ઓછી કરવાના પ્રયોગો ભારતમાં થયા તેમ રક્ષણાર્થે હિંસા ઓછી કરવાના પ્રયોગો પણ ભારતમાં થયાં. વર્ણધર્મનું રક્ષણનું કાર્ય ક્ષત્રિયોને સોપ્યું. અનો પહેલો પ્રયોગ વિશ્વામિત્ર દ્વારા થયો. વિશ્વામિત્રે પોતાના યજ્ઞના રક્ષણ માટે રામ–લક્ષ્મણને બોલાવ્યા અને તેમના દ્વારા રાક્ષસોનું દમન કરાવવાનો નિશ્ચય કર્યો. આ પ્રયોગ સફળ પુરવાર ન થયો. કેવળ ક્ષત્રિયોને હિંસાનું કામ સોંપવાથી ક્ષત્રિયો પ્રજાનું ભક્ષણ કરવા લાગ્યા. એટલે પરશુરામ જેવા બ્રાહ્મણથી એ સહન ન થયું એમણે ક્ષત્રિયોને નાશ કરવાનો નિશ્ચય કર્યો.
અહિંસાનો ત્રીજો પ્રયોગ સંતોએ કર્યો. એમણે નક્કી કર્યું કે હિંસાથી બચવા માટે બીજાની મદદ માંગવી જ નહીં. મારી અહિંસા જ મારી રક્ષા કરશે. ચૈતન્ય, તુલસી, નરસિંહ, મીરાં, એકનાથ, તુકારામ વગેરે અનેક સંતોએ હિંસા સામે

આવા અહિંસાના નાના મોટા પ્રયોગો કર્યો અને બતાવ્યુ કે હિંસા કરતાં અહિંસામાં અનેક ઘણી શકિત છે.

ધર્મના ઉપદેશ સાથે ઈશુખ્રિસ્તનું અંગત જીવન રોગ વગેરેથી પીડાતા માનવોની સેવામાં રોકાયેલું રહેતું હશે એમ લાગે છે. આધ્યાત્મના દર્દીની ઉપદેશથી અને રોગના દર્દીની સુશ્રષા અને ઉપચારોથી તે સેવા કરતાં અજ્ઞાન, અસંસ્કારી અને રોગોથી પીડાતા માનવોનું સંગઠન એ ખ્રિસ્તી ધર્મ ખેડેલો અહિંસા ધર્મનું વિશિષ્ટ અંગ કહી શકાય.

ધાર્મિક જાગૃતિ અને સંબંધ ન ધરાવતા છતાં માર્ટિન લ્યુથર પછી યુરોપમાં જે નવ વિજ્ઞાનયુગ શરૂ થયો અને છેલ્લે દોઢસો વર્ષમાં કુદકે ને ભુસકે ખીલ્યો. એક નવી દિશામાં અહીંસાનું ખેડાણ કર્યું. વિજ્ઞાન અને ઉદ્યોગયુગની પાછળ આવેલ સમાજવાદ પણ અહિંસાના એક દૂર્લક્ષ પામેલા પણ મહત્વના અંગને ખેડવામાં ભાગ ભજવ્યો છે. કેવળ શારીરિક પીડામા જ હિંસા–અહિંસાનો ભેદ પારખવો પ્રમાણમાં સહેલો છે. પણ વિવિધ પ્રકારના શોષણ દ્વારા જે માનવ–માનવમાં સૂક્ષ્મ હિંસા ચાલે છે તે પારખવી તેમજ અટકાવવી કઠણ છે. આવા પ્રકારની અનેક હિંસક પ્રથાઓ તરફ ધ્યાન ખેંચવામાં સમાજવાદે બહુ મોંટો ફાળો આપ્યો છે.

આ પછી ગાંધીયુગ આવે છે. ઈશુખ્રિસ્ત પછી અહિંસાના એ સૌથી મોટા આચાર્ય છે. તેમણે પહેલીવાર કહ્યુ કે. અહિંસા કેવળ એક પ્રવૃતિમાન બળ છે અને બીજા ભૌતિક કે આધ્યાત્મિક બળોની જેમ તેની પણ રીતસર યોજના અને ઉપયોગ કરી શકાય. ખ્રિસ્તી ધર્મની શ્રદ્ધા, આશા અને પ્રેમ કે બૌદ્ધોની મૈત્રી અને કરૂણાની વિધિરૂપ પરિભાષાને બદલે એમણે અહિંસાની નિવૃતિ વાચક પરિભાષા વાપરી છે જેને તેઓ રચનાત્મક કાર્યક્રમ કરે છે. ગાંધીજીએ રાજકીય, સામાજિક અને આર્થિક પ્રથાઓને લગતા કોયડાઓનો મુકાબલો કર્યો. આ ક્ષેત્રમાં બળવાન અને સંગઠિત માનવો દ્વારા નિર્બળ અને અસંગઠિત માનવોને થસતા અન્યાયોનો સામનો કરવો એ એમની ખાસ પ્રવૃત્તિઓ બની.

**4. ગાંધીજીની અહિંસાની વિભાવના**

પંડિત સુખલાલજી કહે છે ગાંધીજીની અહિંસા એ એમની વિચાર અને જીવનસારણીમાંથી સિદ્ધ થયેલી અને નવુ રૂપ પામેલી છે. ભગવાન બુદ્ધ, મહાવીર વગેરે વિભૂતિઓએ અહિંસાનો ઉપદેશ આપ્યો છે. પણ સંસાર કરતાં સંન્યાસ પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ પર જ તેમણે અધિક ભાર મૂક્યો છે. સત્ય અને

અહિંસા ફકત વ્યક્તિગત આચારનો નિયમ નહી પણ સામુદાયિક નીતિ અને રાષ્ટ્રનીતિ નું રૂપ પણ લઇ શકે છે.

વિશ્વને ગાંધીજીની અહિંસાની બીજી વ્યવહારૂ દેણ એ છે કે તેમણે પ્રયોગો દ્વારા પ્રતિપાદિત કર્યું કે અહીંસાને સંગઠિત કરી શકાય છે. જેમ શસ્ત્ર યુદ્ધને માટે જરૂરી એવા સાહસ, શૌર્ય, હિંમત આદિ ગુણો કવાયત આદિથી કેળવી શકાય. ગાંધીજીની રચનાત્મક કાર્યકરને અહિંસક સૈનિક માટેની કવાયત કરતા હતા. ગાંધીજીની અહિંસા એ દુર્બળોનું નહીં વીરોનું શસ્ત્ર છે. એમની દઢ માન્યતા હતી કે જે માણસ મરતા ડરે છે અને જેનામાં સામે થવાની તાકાત નથી તેને અહિંસા શીખવી ન શકાય. સ્વરાજના આદોલનમાં જ્યારે જ્યારે હિંસા ફાટી નીકળી ત્યારે ત્યારે પોતાના સાથીઓનો ખોફ વહોરીને તથા પોતાની બધી પ્રતિષ્ઠા હોડમાં મૂકીને ગાંધીજી અહિંસાને વળગી રહ્યા.

ગાંધીજીએ  અહિંસાની વ્યાપક વ્યખ્યા આ પ્રમાણે આપી છે. કુવિચાર માત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે, મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઇનું બુરૂ ઇચ્છવું હિંસા છે. પોતાની અનિવાર્ય જરૂરિયાત કરતાં સમાજ પાસેથી વધુ લેવું એ પણ હિંસા છે. અહિંસાનો અર્થ છે પ્રાણીમાત્ર પ્રત્યે દુર્ભાવનાઓ પૂર્ણ અભાવ. ગાંધીજી પ્રતિરોધી પ્રેમ ધરાવતા એમના કટ્ટર વિરોધીઓને પીગળાવી દીધા હતા. સામાજિક અહિંસાના પ્રયોગો કરતાં ગાંધીજીએ નિર્ણય પર આવ્યા કે કોઇપણ દેહધારી બાહ્ય હિંસાથી મુકત થઇ નહીં શકે અહિંસાનું પાલન જીવનના પ્રત્યેક વ્યવહારમાં થવું જોઇએ એવો એમનો દઢ આગ્રહ હતો.

**5. અહિંસાની જાગૃતિક અસરો**

ગાંધીજી પછી ભારતના આર્થિક સામાજિક સવાલો હલ કરવાની દિશામાં અહિંસાનો સૌથી મોટો પ્રયોગ ભૂદાન, ગ્રામદાનનો થયો, કેવળ લોકોના હૃદયને અપીલ કરીને વિનોબાજીએ 5 લાખ એકરથી વધારે જમીન પ્રાપ્ત કરી. 1960માં વિનોબાજી સમક્ષ ચબલના ડાકુઓને આત્મસમર્પણ કર્યું. એ જ પરંપરામાં 1937માં 500 થી વધારે ડાકુઓએ જયપ્રકાશ નારાયણને આત્મસમર્પણ કર્યું. ગાંધીજીને અહિંસાની ભાવના ભારત પુરતી સીમિત રહી નથી. વિશ્વમાં પણ તેનો પ્રચાર અને અનુસરેલ છે.

**માર્ટિન લ્યુથર કિંગ અને નિગ્રો આંદોલન**

પોતાની ધાર્મિક પ્રેરણા ઇશુખ્રિસ્ત પાસેથી અને રાજનૈતિક પ્રેરણા ગાંધીજી પાસેથી લીધી હતી. એમની સંસ્થા દ્વારા કામ કર્યું તેનું નામ છે. સધન ખ્રિશ્ચિયન લિડરશીપ કોન્ફરન્સ દક્ષિણ ખ્રિસ્તીને નેતૃત્વ સભા, કાળા ગોરાના

સબંધોમાં ન્યાય સંગતતા લાવવા શ્રી કિંગની આગેવાની હેઠળ અનેક સત્યાગ્રહો થયા. અમેરિકાના કિંગમાં અને એમના નેતૃત્વ નીચે ચાલેલા નિગ્રો આંદોલનમાં એ જ્યોતનો પ્રકાશ અને કળાએ ખીલી ઉઠેલો જગતે જોયો 1959 માં ડો. કિંગે ભારતની યાત્રા કરી. યાત્રા દરમ્યાન ભારતના લોકોના માનમાં અંગ્રેજ લોકો પરત્વે કોઈપણ પ્રકારનો દ્વેષ કે કડવાશનો અભાવ જોઈને તેમનામાં અહિંસાના સિદ્ધાંતોને બળે એક દેશ રાજકીય આઝાદી પ્રાપ્ત કરી શકે. તો અમે નિગ્રો લોકો નાગરિક સમાનતા પ્રાપ્ત કરવા એ જ સિદ્ધાંતો પર કેમ ન ચાલી શકીએ.

## દાનિલો દોલ્ચી ઇટાલીનો ગાંધી

ઇટાલીના સિસિલી ટાપુમાં દાનિલો દોલ્ચીની અહિંસક કાર્યપદ્ધતિએ સિસિલીની દીનહીનોમાં આશાનો નવસંચાર કાર્યો છે. દોલ્ચીના ઉપવાસ અને હડતાળના અહિંસક શસ્ત્રોથી ત્યાંની સરકારને અમુક લોકહિતના કાર્યો કરવાની ફરજ પડે છે. તેમની કાર્યપદ્ધતિ ગાંધીજીને મળતી આવે છે.

## લાન્ઝી ડેલ વાસ્તો ઉર્ફે શાંતિદાસ

ફ્રાન્સમાં પેરિસથી એક હજાર કિલોમીટરને અંતરે ગાંધીજીના અંતેવાસી લાન્ઝી ડેલ વાસ્તો એક આશ્રમની સ્થાપના કરી છે. 1200 એકર જમીન ધરાવતો 100 સભ્યોનો આશ્રમ ગાંધીજીની આશ્રમની પદ્ધતિએ ચાલે છે. તેઓ માનતા હતા કે અહિંસા એ માનવીય ગુણ છે.

## બટ્રાન્ડ રસેલ

એમના જીવનના છેલ્લા બે દાયકા અણુશાસ્ત્રના અખતરાઓ અને તેનો ઉપયોગ સામે અહિંસક રીતે લડ્યા હતા. પદયાત્રાઓ, દેખાવો, સભાઓ અને લેખક વગેરે દ્વારા મૂઠીભર સાથીઓની સાથે એમણે અણુ અખતરાબંધી માટે વિશ્વમત કેળવ્યો. આ દૃષ્ટિએ જ તે અહિંસક પ્રતિકારની જોરદાર હિમાયત કરી રહ્યા હતા.

## 6. વિશ્વશાંતિના ક્ષેત્રમાં પ્રભાવ

વિશ્વશાંતિના ક્ષેત્રમાં પણ ગાંધીજીનો પ્રભાવ અનોખો છે. ગાંધીજીના વિચાર અને કાર્યમાંથી જગતને આંતરરાષ્ટ્રીય અથડામણો નિવારવાનો યોગ્ય ઉપાય મળી શકે તેમ છે. આનોલ્ડ ડોયોન્વી કહે છે અણુયુગના આગમન ટાણે મહાત્મા ગાંધીએ બતાવી આપ્યું છે કે હિંસાનો આશરો લીધા વિના પણ ક્રાંતિકારી રાજકીય ફેરફારો થઇ શકે છે.

ગાંધીજીની અહિંસા આજે જગતમાં આદરપાત્ર બની છે. હિંસાથી કે શસ્ત્રશકિતની હોડથી કોઇપણ પ્રશ્નનો આખરી ઉકેલ આપવાનો નથી. એ વાત હવે જગતના પ્રખર સત્તાધીશોને પણ સમજાવા લાગી છે. જનરલ મેક ઓથરે કહ્યું છે સંસ્કૃતિને ટકી જ રહેવું હોય તો સૌ પ્રજાઓએ ગાંધીજીના આ સિદ્ધાંતને અપનાવવો જ રહ્યો.

આંતરરાષ્ટ્રીય યુદ્ધો ન હોવા જોઇએ. એ વાત હવે વ્યાપકપણે સમજતાં અને સ્વીકારતા જાય છે. રશિયા અને અમેરિકા હવે ઠંડા યુદ્ધની ભૂમિકામાંથી કંઇક બહાર નીકળવા લાગ્યા છે. અને હિંસક અથડામણો ન થાય એને માટે પરસ્પર સહકાર કરે છે. યુરોપ અને અમેરિકાના શાંતિવાદીઓને ગાંધીજીના જીવન અને કાર્યમાંથી ધણુ મોટું પ્રોત્સાહન અને કંઇક નવી ર્દષ્ટિ તથા વિશિષ્ટ કાર્યપદ્ધતિ મળ્યા હોય એમ લાગે છે. 1940 પછીના વર્ષોમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અને તે પછી શાંતિવાદી ચળવળમાં ઉદ્દામવાદી જૂથ ઊભું થયું હતું. આ જૂથ ગાંધીજીના વિચારોનો અમલ કરવામાં અને અમેરિકાના સંજોગામાં સત્યાગ્રહને સક્રિય કાર્યક્રમરૂપે અમલમાં શી રીતે મૂકી શકાય. એ વિચારવામાં વધારેને વધારે રસ લેતું હતું. 1940 થી 1950 અને 1950 થી 1960 ના વર્ષોમાં વોશિગ્ટન, ન્યુયોર્ક, વગૈરે શહેરોમાં કેટલાક સીધા પગલાના કાર્યક્રમો અને દેખાવો કરવામાં આવ્યા હતાં.

**સંદર્ભ સૂચિ :**


1. ગાંધીજીની કહાણી પૃ–19
2. ભાવિ સમાજરચનાની દિશામાં પૃ–215
3. મ.ક. ગાંધી : સત્યના પ્રયોગી નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ